શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

તૃતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

**[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૨**

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી M.sc., Ph.D.**

*સૌજન્ય* **સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી**

# સ્તોત્ર–અર્થ રહસ્ય

## નમિઊણ સ્તવ (ચાલુ)

**પજ્જલિઆનલનયણં દુરવિયારિયમુહં મહાકાયં;**
**નહકુલિસઘાયવિઅલિઅ, ગઈદકુંભત્થલાભોઅં. ૧૨**
**પણયસસંભમ પત્થિવ, નહમણિ માણિક્કપડિઅ પડિમસ્સ;**
**તુહ વયણપહરણધરા, સીહં કુદ્ધંપિ ન ગણંતિ, ૧૩**
**સસિધવલ દંતમુસલ, દીહ કરુલાલ વુઢ્ઢિ ઉચ્છાહં;**
**મહુપિંગ નયણજુઅલં, સસલિલ નવ જલહરારાવં. ૧૪**

**ભીમં મહાગઈંદં, અચ્ચાસન્નંપિ તે નવિ ગણંતિ;**
**જે તુમ્હ ચલણજુઅલં, મુણિવઈ તુંગં સમલ્લિણા. ૧૫**

**શબ્દાર્થ :-**

**પજ્જલિઅ**-જ્વલાયમાન
**અનલનયણં** -અગ્નિજેવા નેત્રવાળા
**દુર**-અત્યંત
**વિયારિય**-ફાડ્યું છે
**મુહં** -જેમણે મુખ
**મહાકાયં**-મોટી કાયાવાળા
**નહ કુલિસ**-નખરૂપી વજના
**ઘાય**-ઘાતથી
**વિઅલિઅ**-ભેદ્યા છે
**ગઈંદ**-ગજેંદ્રના
**કુંભત્થલ**-કુંભસ્થળના
**આભોઅં**-જેણે વિસ્તાર
**પણય**-નમતા
**સસંભમ** -સંભ્રમ સહિત
**પત્થિવ** - રાજાઓના
**નહમણિમાણિક્ક**-નખરૂપ મણિ-માણેકમાં
**પડિઅ પડિમસ્સ**-જેમના પ્રતિબંધ પડ્યા છે
**તુહ** - તમારાં
**વયણ**-વચનરૂપ
**પહરણ**-શસ્ત્રોને
**ધરા**-ધારણ કરનારા
**સીહં**- સિંહને
**કુદ્ધંપિ** -ક્રોધ પામેલા પણ
**ન** -નથી
**ગણંતિ**-ગણતા
**સસિધવલ** -ચંદ્ર-જેવા ધોળા
**દંતમુસલ**-જેના દંતશૂળ
**દીહ** -લાંબી
**કર**-સૂંઢના
**ઉલ્લાલ** -ઉછાળવાથી
**વુઢ્ઢિ** -વૃદ્ધિ પામ્યો છે
**ઉચ્છાહં**-જેનો ઉત્સાહ
**મહુપિંગ** -મધ જેવા પીળા
**નયણજુઅલં** -બે નેત્રવાળો
**સસલિલ** -જળ સહિત
**નવજલહર**-નવા મેઘ જેવા
**આસવં**-શબ્દવાળા
**ભીમં** -ભયંકર
**મહાગઈંદં**-મોટા ગજેન્દ્રને
**અચ્ચાસન્નં**-અતિ નજીક આવેલાને પણ
**નવિ** -નથી
**ગણંતિ**-ગણતા
**તુમ્હચલણજુઅલં** - તમારાં બંને ચરણને
**મુણિવઈ** -હે મુનિપતિ !
**તુંગં** -ઊંચા
**સમલ્લિણા**- સારી રીતે આશ્રિત થયેલા

**ગાથાર્થ :-**પ્રણામ કરતા આદર સહિત રાજાઓમાં નખરૂપ મણિમાણેકમાં જેનાં પ્રતિબિંબ પડેલાં છે, એવા તમારા વચનરૂપ શસ્ત્રોને ધારણ કરનારા પુરુષો-પ્રજ્વલિત અગ્નિ જેવા નેત્રવાળા, જેણે અતિ

મુખ ફાડ્યું છે એવા, મોટી કાયાવાળા અને જેણે નખરૂપી વજના ઘાતથી ગજેન્દ્રના કુંભસ્થળના વિસ્તારને વિદારેલા છે, એવા ક્રોધ પામેલા સિંહને પણ ગણતા નથી....૧૨/૧૩

હે મુનિપતિ ! જેઓ તમારા ઉત્તમ ચરણ-યુગલને સારી રીતે આશ્રિત થયેલા છે, તેઓ ચંદ્ર જેવા ધોળા દંતશૂળવાળો, લાંબી સૂંઢને ઉછાળવાથી જેનો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો છે, મધ જેવાં પીળાં બે નેત્રવાળો, જળસહિત નવા મેઘ જેવા શબ્દવાળો ભયંકર મોટો ગજેન્દ્ર અતિ નજીક આવેલો હોય, તો પણ તેને ગણતા નથી....૧૪/૧૫

**સમરંમિ તિક્ખખગ્ગાભિઘાયપવિદ્ધુદ્ધુયકબંધે;**<br>
**કુંત વિણિભિન્ન કરિકલહ, મુક્કસિક્કાર પઉરંમિ...૧૬**<br>
**નિજ્જિય દપ્પુધ્ધર રિઉ, નરિંદનિવહા ભડા જસં ધવલં;**<br>
**પાવંતિ પાવપસમિણ, પાસજિણતુહ પ્પભાવેણ....૧૭**<br>
**રોગજલ જલણ વિસહર, ચોરારિમઈંદ ગય રણભયાઈં;**<br>
**પાસજિણ નામ સંકિત્તણેણ પસમંતિ સવ્વાઈં...૧૮**

**શબ્દાર્થ :-**

**સમરંમ્મિ** -સંગ્રામમાં
**તિક્ખ**-તીક્ષ્ણ
**ખગ્ગ**-ખડ્ગ / તલવારના
**અભિઘાય**-પ્રહારથી
**પવિદ્ધુ**-છેદાયેલા
**ઉદ્ધુય**-નાચતા
**કબંધે**-જેમાં
**કુંત** - ભાલાથી
**વિણિભિન્ન** -ભેદેલા
**કરિકલહ** -હાથીનાં બચ્ચાંઓએ
**મુક્કસિક્કાર** -કરેલા ચિત્કારથી
**પઉરંમિ** -વ્યાપ્ત
**નિજ્જિય** -જીતેલા છે
**દપ્પુધ્ધર** -ગર્વથી ઉન્મત્ત
**રિઉ નરિંદ**-શત્રુ રાજાઓના
**નિવહા** -સમુહ જેમણે
**ભડા** -સુભટો
**જસં** -યશને
**ધવલં**-ધોળા
**પાવંતિ** -પામે છે
**પાવ**-પાપને
**પસમિણ**- શમાવનાર
**તુહ** -તમારા
**પ્પભાવેણ**-પ્રભાવથી
**રોગ**-રોગ
**જલ**-જળ
**જલણ** - અગ્નિ
**વિસહર**-સર્પ
**ચોર**-ચોર
**અરિ**-શત્રુ

**મઈંદ** -સિંહ
**ગય** - હાથી
**રણ**-રણ
**ભયાઈં**- ભય
**પાસજિણ** -પાર્શ્વજિનના
**નામ** - નામના
**સંકિત્તણેણ** - સારી રીતે કરેલા કીર્તનથી
**પસમંતિ** -શાંતિ પામે છે.
**સવ્વાઈં**-સર્વ

**ગાથાર્થ :-**પાપને શમાવનાર હે પાર્શ્વજિન ! તમારા પ્રભાવથી જેમણે ગર્વિષ્ઠ શત્રુ રાજાઓના સમુહને જીત્યા છે, એવા સુભટો તીક્ષ્ણ ખડ્ગના પ્રહારથી છેદાયેલાં છે ધડો જેમાં અને ભાલાથી ભેદાયેલા હાથીનાં બચ્ચાંઓએ કરેલા ચિત્કારથી વ્યાપ્ત સંગ્રામમાં ઉજ્જ્વળ યશ પામે છે.૧૬/૧૭

રોગ, જળ, અગ્નિ, સર્પ, ચોર, શત્રુ, સિંહ, હાથી અને રણભય-એ સર્વ શ્રી પાર્શ્વજિનના નામનું સારી રીતે કીર્તન કરવાથી શમી જાય છે...૧૮

# જિનશાસનના પ્રભાવક આચાર્ય ભગવંતો

## નિર્યુક્તિકાર

## ૪ શ્રી ભદ્રબાહુસ્વામીજી

દક્ષિણમાં હતી એક નગરી નામે પ્રતિષ્ઠાનપુર...

ત્યાં વસતા હતા ભદ્રબાહુ અને વરાહમિહીર નામે બે બ્રાહ્મણકુમારો...

બન્ને બંધુઓએ પૂજ્યપાદ શ્રી યશોભદ્રસૂરિની દેશના સાંભળી અને સાંભળતાજ વૈરાગ્ય જાગ્યો. બન્નેએ દીક્ષા લીધી. બન્ને ગુરુદેવ પાસે અભ્યાસ કરવા લાગ્યા. ભદ્રબાહુ ચૌદ પૂર્વ ભણી ગયા તેથી તેમને યોગ્ય જાણી ગુરુએ આચાર્ય પદવી આપી. પોતાને આચાર્ય પદવી ન મળવાથી વરાહમિહિર ધુંધવાયા. એમને ભાઈની પદવી ખુંચવા લાગી... અંતે એમણે દીક્ષાનો ત્યાગ કર્યો. વરાહી સંહિતા રચીને લોકોને જ્યોતિષ કહેતા અને પોતાની આજીવિકા ચલાવતા. પોતાની જાતને જ્યોતિષશાસ્ત્રના પારગામી તરીકે ઓળખાવતા... જૈન ધર્મ ઉપર દ્વેષ ધારણ કરી એની નિંદા કરવા લાગ્યા.

એકદા વરાહ મિહિર પ્રતિષ્ઠાનપુરના જિતશત્રુ રાજાની પાસે ગયા અને રાજવીને કહ્યું – ''હે રાજન્! તમારી સમક્ષ ચીતરેલા આ કુંડાળામાં મધ્યમાં બાવન પલનો મત્સ્ય આકાશમાંથી પડશે.''

એજ સમયે ભદ્રબાહુસ્વામી એ જ નગરમાં બિરાજમાન હતા. એમણે કહ્યું– ''હે રાજન્ ! તે પડતો મત્સ્ય વાયુથી અર્ધો પલ પ્રમાણ શોષાઈ જવાથી સાડા એકાવન પલનો હશે અને તે કુંડાળાના મધ્યમાં નહી પરંતુ છેડા પર પડશે.''

પછી તે મત્સ્ય શ્રી ભદ્રબાહુસ્વામીના કહ્યા પ્રમાણે પડ્યો. તેથી ક્રોધ પામેલો વરાહમિહિર જૈનોનો વધારે દ્વેષ કરવા લાગ્યો.

એકદા જિતશત્રુ રાજાને ત્યાં પુત્ર જન્મ થયો. સર્વ નગરજનો રાજા પાસે ખુશાલી વ્યક્ત કરી આવ્યા. વરાહમિહિર પણ સો વરસનું આયુષ્ય થશે એમ કહી આવ્યો. ભદ્રબાહુસ્વામી રાજા પાસે ખુશાલી વ્યક્ત કરવા ગયા નહીં . જૈનો આવાજ વિવેક વિનાના છે આ રીતે વરાહમિહિર પ્રચાર કરવા લાગ્યો. રાજાના પણ કાન ભંભેર્યા.

આ વાત જાણી શ્રી ભદ્રબાહુસ્વામીએ રાજાને કહેવડાવ્યું– ''હે રાજન્ ! તમારા બાળકનું આયુષ્ય સાત જ દિવસનું છે. સાતમે દિવસે બિલાડીથી બાળકનું મૃત્યુ થશે. તેથી તમને શી રીતે ખુશાલી બતાવીએ?'' આ વાત જાણી રાજાએ બધી બિલાડીઓને ગામ બહાર કરાવી. તથા બાળકનું અનેક રીતે રક્ષણ કરાવવા માંડ્યું છતાં સાતમે દિવસે બિલાડીના આકારવાળો આગળિયો ઉપરથી ધાવતા બાળક પર પડવાથી બાળકનું મરણ થઈ ગયું. ત્યારે રાજાએ બિલાડીની સમજ મેળવી. શ્રી ભદ્રબાહુસ્વામીની પ્રસંશા કરી,

લોકમાં એમની અને જૈન ધર્મની પ્રસંશા થવા લાગી. વરાહમિહિરની સર્વ સ્થળે નિંદા થવા લાગી.

સર્વત્ર તિરસ્કાર પામેલા વરાહમિહિરે તાપસી દીક્ષા લીધી. મરીને તે વ્યંતર થયો. પૂર્વભવના વૈરથી જૈનોપર ઉપદ્રવ કરવા માંડ્યો. ત્યારે જૈન સંઘે વિનંતિ કરવાથી એના ઉપદ્રવો નિવારવા માટે શ્રી ભદ્રબાહુ સ્વામીએ ''ઉવસગ્ગહરં સ્તોત્ર'' બનાવીને તેનો ઉપયોગ કરાવી વ્યંતરનો ઉપદ્રવ શાંત કર્યો.

ભદ્રબાહુસ્વામીએ વિશાળ સાહિત્ય રચનાઓ કરી છે. જિનશાસનના જ્ઞાનના ખજાનાને વધારે સરળ સમૃદ્ધ બનાવ્યો છે. ૧) દશાશ્રુત સ્કંધ, ૨) બૃહત્કલ્પ અને ૩) વ્યવહારશ્રુત આ છેદ સૂત્રોની રચના શ્રી ભદ્રબાહુસ્વામીએ કરી છે. તેઓશ્રીએ અનેક નિર્યુક્તિઓની રચના કરી છે જેથી તેઓ નિર્યુક્તિકાર તરીકે પણ પ્રસિદ્ધ છે. પર્વાધિરાજ પર્વ દરમ્યાન ભાવ અને સન્માન પૂર્વક વંચાતુ ''કલ્પસૂત્ર'' પણ એમની જ રચના છે.

પ્રાકૃત ભાષામાં 'વસુદેવ ચરિયં'' સવા લાખ શ્લોક પ્રમાણ અને ''ભદ્રબાહુ સંહિતા'' પણ એમની જ અદ્ભૂત રચનાઓ છે જે આજે પ્રાયઃ ઉપલબ્ધ નથી.

શ્રી સંભૂતિવિજયસૂરિના પાટે આવેલા શ્રી ભદ્રબાહુસ્વામી (૪૫) પીસ્તાલીસ વર્ષસુધી ગૃહસ્થપણે રહી, સત્તર વર્ષ મુનિપણે રહી ચૌદ વર્ષ સુધી યુગપ્રધાન આચાર્ય તરીકે વિચરી, છહુત્તેર વર્ષ સર્વ આયુષ્ય ભોગવી પોતાની પાટે શ્રી સ્થૂલભદ્રસૂરિને સ્થાપી શ્રી વીરનિર્વાણથી એકસો સિત્તેર વર્ષે કુમારગિરિ ઉપર અનશન કરી સ્વર્ગે ગયા.

## પ્રભુ મહાવીર સ્વામીની પાટપરંપરા નીચે મુજબ છે–

**(૧) પહેલે પાટે સુધર્માસ્વામી છે.**
**(૨) બીજી પાટે જંબુસ્વામી છે.**
**(૩) ત્રીજી પાટે પ્રભવસ્વામી છે.**
**(૪) ચોથી પાટે શય્યંભવસૂરિ છે.**
**(૫) પાંચમી પાટે યશોભદ્રસૂરિ છે.**
**(૬) છટ્ઠી પાટે સંભુતિવિજયસૂરિ છે.**
**(૭) સાતમી પાટે ભદ્રબાહુસ્વામી છે.**

અહીં સુધી શ્વેતાંબર-દિગંબરની પાટ પરંપરા સરખી છે. એનાથી આગળ બન્ને જુદા પડે છે.

## કામ વિજેતા

# ૫ શ્રી સ્થૂલભદ્રસૂરિ

પાટલીપુત્ર નગરમાં નવમો નંદ નામે રાજા રાજ્ય કરતો હતો....

આ રાજવીને ગૌતમ ગોત્રવાળો... કલ્પકમંત્રીનો વંશજ અને જૈન ધર્મનો પરમ ભક્ત એવો શકડાલ નામે મંત્રી હતો...

મંત્રીશ્વરને લાછલદે નામે પત્ની હતી....

સંસારસુખોને ભોગવતા મંત્રીશ્વરને સ્થૂલભદ્ર અને શ્રીયક નામે બે પુત્રો થયા તથા યક્ષા-યક્ષદિન્ના વગેરે સાત પુત્રીઓ થઇ.

સ્થૂલભદ્ર કોશા વેશ્યામાં આસક્ત થઇ બાર વરસ ત્યાં જ રહ્યા અને એણે ક્રોડોનો વ્યય કર્યો...

પાટલીપુત્રના રાજાનો એવો નિયમ હતો કે જે કોઇ પોતે રચેલા નવા જેટલા શ્લોક રાજસભામાં મને સંભળાવશે તેને તેટલી સોનામહોરો હું આપીશ. આ વખતે વરરૂચિ નામના એક શીઘ્રકવિ વિદ્વાન બ્રાહ્મણ દરરોજ એકસો આઠ નવા કાવ્ય બનાવી રાજાને રાજ્યસભામાં સંભળાવી એકસો આઠ સોનામહોરો મેળવવા લાગ્યો. મંત્રીએ વિચાર્યું કે, આ રીતે આપવાથી રાજ ખજાનો ખાલી થઇ જશે. મંત્રીઓએ ખાલી થતા ખજાનને યુક્તિથી બચાવી લેવો જોઇએ. એટલે તે શકડાલ મંત્રીએ રાજાને કહ્યું- 'હે રાજન્ ! આ રીતે દરરોજ સોનામહોરો આપી ખજાનો ખાલી કરવો યોગ્ય નથી. આ બ્રાહ્મણ તો નવા શ્લોક સંભળાવતો નથી. આ શ્લોકો તો મારી સાતે છોકરીઓને આવડે છે.'

રાજાએ કહ્યું - ''મને ખાતરી કરાવ.''

ત્યારે બીજા દિવસે સભામાં પોતાની સાતે પુત્રીઓને લાવી પડદામાં બેસાડી. પછી વરરૂચિએ જે કાવ્ય સંભળાવ્યા તે બધા કાવ્યો સાતે મંત્રી પુત્રીઓ કહી ગઇ. એ સાતની બુદ્ધિ એવી હતી કે પહેલી પુત્રીને એક વખત સાંભળવાથી કંઠસ્થ થઇ જતું, બીજીને બે વાર સાંભળવાથી એ રીતે સાતમી પુત્રીને સાતવાર સાંભળવાથી કંઠસ્થ થઇ થતું હતું. એટલે બધી બોલી ગઇ. વરરૂચિ એથી અપમાનિત થયો અને આવક પણ બંધ થઇ. તેથી ગુસ્સે થયેલો તે વરરૂચિ શકડાલ મંત્રીને મારવાના ઉપાયો વિચારવા લાગ્યો. એક વખત મંત્રી શકડાલને ત્યાં તેના પુત્ર શ્રીયકના વિવાહનો પ્રસંગ આવ્યો એ પ્રસંગે રાજાને ભેટ આપવા મંત્રીએ પોતાના ઘરે ઉચ્ચ કોટિનાં હથિયારો તૈયાર કરાવવા માંડ્યાં. આ અવસરને જોઇ વરરુચિએ મીઠાઇ અને બીજી વસ્તુઓ પણ આપીને નગરના બાળકોને કહ્યું કે નગરની ગલીએ ગલીએ બોલતા જાવ કે આ શકડાલ મંત્રી નંદરાજાને મારીને પોતાના પુત્ર શ્રીયકને રાજગાદીએ બેસાડશે. નગરના બાળકો એ રીતે

દરરોજ મોટે સ્વરે બોલવા લાગ્યા. રાજાને કાને આ શબ્દો પડવાથી રાજાએ મંત્રીને ઘરે ગુપ્ત તપાસ કરાવી તો ત્યાં હથિયાર બનતાં જોઇ એ વાત સાચી માની. બીજે દિવસે મંત્રી રાજસભામાં આવીને નમ્યા ત્યારે રાજાએ મુખ ફેરવી નાખ્યું. તેથી ચતુર મંત્રી સમજી ગયા કે, રાજાને કોઇકે ભરમાવ્યા છે. મંત્રીએ ઘરે આવી શ્રીયકને કહ્યું કે, કોઇ દુષ્ટથી પ્રેરાયેલા રાજા આપણા કુટુંબનો નાશ કરશે. તેથી કુટુંબ રક્ષા માટે આવતીકાલે સભામાં તું મારું મસ્તક તલવારથી ઉડાવી દેજે. શ્રીયકે કહ્યું પિતૃહત્યાનું પાપ મારાથી કેમ કરાય ? ત્યારે મંત્રીએ કહ્યું, એકના મૃત્યુથી આખા કુટુંબની રક્ષા થતી હોય તો તેમ તારે કરવું જોઇશે. હું પોતે તાલપુષ્ટ વિષ ખાઇનેજ સભામાં જઇશ એટલે તને પિતૃહત્યાનું પાપ નહિ લાગે, શ્રીયકે પિતૃવચન માન્યું, અને બીજે દિવસે સવારે રાજસભામાં પહેલો ગયો. પછી જ્યારે શકડાલ મંત્રીએ રાજસભામાં આવી નમસ્કાર કરવા માથું નમાવ્યું ત્યારે ઉઠીને શ્રીયકે મંત્રીનું માથું કાપી નાખ્યું. રાજાએ કહ્યું 'શ્રીયક આ તેં શું કર્યું ?' શ્રીયકે કહ્યું 'આપનું અહિત ઇચ્છનાર બાપને પણ મારી નાખવો જોઇએ', એ સાંભળી ખુશ થયેલ રાજાએ શ્રીયકને મંત્રીપદ સ્વીકારવા જણાવ્યું. શ્રીયકે કહ્યું મારા મોટાભાઇ સ્થૂલભદ્ર કોશા વેશ્યાને ત્યાં છે તેમને આપ મંત્રીપદ આપો, રાજાએ સ્થૂલભદ્રને બોલાવીને મંત્રીપદ સ્વીકારવા જણાવ્યું. સ્થૂલભદ્રે કહ્યું કે, હું વિચારીને જવાબ આપીશ. પછી અશોકવાડીમાં જઇ સ્થૂલભદ્રેવિચાર્યું કે, આ મંત્રીપદ પિતાના પ્રાણ લેનારૂં થયું. આ રાજકારણ અને સંસાર દુઃખ માટે જ છે. એમ વિચારી સંસાર પરથી મન ઉઠાવી વૈરાગ્યથી તે લોચ કરી મુનિવેશ ધારણ કરી રાજસભામાં આવ્યો. ત્યારે રાજાએ કહ્યું, **આલોચિતં ?** એટલે વિચાર કર્યો? ત્યારે સ્થૂલભદ્રે કહ્યુ, **લોચિતં.** એટલે મેં તો લોચ કરી નાખ્યો. એ સાંભળી રાજા વગેરે સભાજનોએ આશ્ચર્ય અનુભવી વંદન કર્યું. સ્થૂલભદ્ર મુનિ ધર્મલાભ આપી ત્યાંથી આચાર્ય શ્રી સંભૂતિવિજયસૂરિ પાસે આવી દીક્ષા લઇ અગીયાર અંગ ભણી ગયા, અને ગુરુ આજ્ઞા મેળવી કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ રહ્યા. ત્યાં હાવભાવપૂર્વકઅનેક જાતના ભોગવિલાસના ચેનચાળાઓ કરતી અને તેવાં જ વચનો બોલતી વેશ્યાની તેવી ચાર માસની પ્રવૃત્તિથી પણ લેશમાત્ર ચલિત નહિ થનારા સ્થૂલિભદ્ર મુનિએ તે વેશ્યાને પ્રતિબોધી બારવ્રત ધારિણી શ્રાવિકા બનાવી. ગુરુ પાસે આવ્યા ત્યારે ગુરુએ પણ ''દુક્કર દુક્કર કારગ'' એવા માનકારી વચનોથી સત્કાર્યા. અને સંઘ પાસે પણ તેમની પ્રશંસા કરી. સિંહ ગુફામાં ગુરુ આજ્ઞા લઇ ચાતુર્માસ કરી આવનારા મુનિથી આ પ્રશંસા સહન ન થઇ તેથી તેણે કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરવાની માગણી કરી. ગુરુએ કહ્યું તારૂં કામ નથી, છતાં તે મુનિ કોશા વેશ્યાને ત્યાં ગયા અને ચારિત્ર ભાવનાથી પતિત થયા. વેશ્યાએ પ્રતિબોધ પમાડવા નેપાળથી રત્નકંબલ લાવવા કહ્યું. મુનિ ઘણા કષ્ટો વેઠી તે લાવ્યા. વેશ્યાએ તે કંબલથી પગ લૂછી ગંદા પાણીના સ્થાને નાંખી દીધી. મુનિએ કહ્યું, 'આવી કિંમતી વસ્તુને આમ કેમ બગાડો છો ?' એટલે 'આવા કિંમતી ચારિત્રને તમે કેમ બગાડવા તૈયાર થયા છો ?' વગેરે કહી વેશ્યાએ એ મુનિને પ્રતિબોધ્યા. તેથી તે મુનિ ગુરુ પાસે આવી પ્રાયશ્ચિત સ્વીકારી શુદ્ધ થયા.

કોઇ વખતે બાર વર્ષનો દુકાળ પડવાથી જૈન મુનિઓને શાસનના આધારભૂત બારમું અંગ સૂત્ર

દ્રષ્ટિવાદ વિસ્મૃત થવા લાગ્યું. ઘણાને તદ્દન કંઠસ્થ રહ્યું નહિ. તેથી તેના અભ્યાસની વ્યવસ્થા કરાવવા માટે શ્રી શ્રમણ સંઘે નેપાળ દેશમાં વિચરતા શ્રી ભદ્રબાહુસ્વામીજ એકલા દ્રષ્ટિવાદના જાણકાર છે. તેમની પાસે બે સાધુઓને મોકલાવી તેમને પાટલીપુત્ર આવવા જણાવ્યું તેમણે કહ્યું 'હમણાં મેં પ્રાણાયામ નામના ધ્યાનમાં પ્રવેશ કરેલ છે, તેથી હમણાં પાટલીપુત્ર આવી શકાશે નહિ'. એ મુનિઓએ આ વાત પાછા આવી શ્રમણ સંઘને કહી એટલે શ્રમણ સંઘે ફરી બે મુનિઓને મોકલાવી ભદ્રબાહુસ્વામીને પૂછાવ્યું કે, 'જે શ્રમણ સંઘનું ન માને તેને કઇ શિક્ષા કરવી ?' ભદ્રબાહુસ્વામીએ જણાવ્યું કે, શ્રમણ સંઘનું ન માને તેને સંઘ બહાર કરવો.પરંતુ શ્રી શ્રમણ સંઘે મારા પર કૃપા કરી દ્દષ્ટિવાદ ભણી શકે એવા બુદ્ધિમાન મુનિવરોને અહીં મોકલવા. અહીં તેમને હું વાચના આપીશ જેથી દ્દષ્ટિવાદના અભ્યાસનો અને પ્રાણાયામ નામે ધ્યાન કરું છું તેનો સુખે નિર્વાહ થાશે. એ રીતે આ બન્ને શાસનના જ કાર્ય સુગમતાથી કરી શકાશે.' પછી તે બે મુનિઓએ સંઘ પાસે જઇ એ વિગત જણાવી. ત્યારે શ્રી શ્રમણ સંઘે શ્રી સ્થૂલભદ્રઆદિ પાંચસો મુનિવરોને શ્રી ભદ્રબાહુસ્વામી પાસે મોકલ્યા. તેમણે તેને દરરોજ સાત વાચના આપવા માંડી, કેટલાક સમય પછી સ્થૂલભદ્ર સિવાયના બીજા મુનિઓ સાત વાચનાથી ઊદ્વિગ્ન થઇ ચાલ્યા ગયા. અને સ્થૂલભદ્ર મુનિએ બે વસ્તુ ઓછા એવા દશપૂર્વનો અભ્યાસ કર્યો. પછી પ્રાણાયામ ધ્યાન પૂર્ણ થવાથી શ્રી ભદ્રબાહુસ્વામી સ્થૂલભદ્ર મુનિ સહિત વિચરતા પાટલીપુત્રના ઉદ્યાનમાં પધાર્યા. ત્યારે તેને વંદના કરવા સ્થૂલભદ્ર મુનિની દીક્ષિત થયેલ યક્ષા, યક્ષદિન્ના વગેરે સાત બહેન સાધ્વીઓ આવી. શ્રી ભદ્રબાહુસ્વામીને વંદન કરી પૂછ્યું કે 'અમારા ભાઇ મુનિ ક્યાં છે ?' આચાર્યશ્રીએ કહ્યું 'પાછળના ભાગમાં છે.' તે સાંભળી તેઓ ત્યાં વંદન કરવા ગઇ. પરંતુ ત્યાં સિંહ દેખાયો. તેથી તરત પાછી આવીને આચાર્યશ્રીને કહ્યું કે 'ત્યાં ભાઇ મુનિ નથી પરંતુ સિંહ છે.' ભદ્રબાહુસ્વામીએ ઉપયોગ દઇને કહ્યું કે હવે તમે જાઓ ત્યાં તેમના દર્શન થશે. પછી તે સાધ્વીઓ ત્યાં જઇ વંદન કરી આવી. ત્યાર બાદ સ્થૂલભદ્ર મુનિ વાચના લેવા આવ્યા ત્યારે વિદ્યાથી સિંહરૂપ બનાવનારા તેમને ગુરુએ કહ્યું, 'તમો સૂત્રપાઠ માટે અયોગ્ય છો,' એમ કહી પાઠ ન આપ્યો. સ્થૂલભદ્ર મુનિએ પશ્ચાતાપપૂર્વક ક્ષમા માંગી પાઠ આપવા વિનવણી કરી. પરંતુ ગુરુએ વાચના ન આપી. પછી શ્રી શ્રમણ સંઘે મળીને તેમને વિનંતી કરી તેથી આચાર્યશ્રીએ હવે તેને આ પાઠ કોઇને ન આપવાની શરતે આપું છું એમ કહી બાકીના ચાર પૂર્વ અર્થ વિનાના તેમને આપ્યા. એટલે શ્રી સ્થૂલભદ્ર છેલ્લા ચૌદ પૂર્વી મૂળથી થયા.

શ્રી સ્થૂલભદ્ર સ્વામી ત્રીશ વર્ષ ગૃહવાસમાં, ચોવીસ વર્ષ મુનિ પણે અને પિસ્તાલીસ વર્ષ યુગપ્રધાન આચાર્ય તરીકે જગત ઉપકાર કરી સાધિક નવ્વાણું વર્ષનું પોતાનું સર્વ આયુષ્ય ભોગવી વીર પ્રભુના નિર્વાણ પછી બસો પંદર વર્ષે વૈભારગિરિ ઉપર પાક્ષિક સંલેખના પૂર્વક અનશન કરી, પોતાના પાટે આર્યમહાગિરિ મુનિને સ્થાપી સો મુનિઓથી સેવાતા છતાં સ્વર્ગે ગયા.

# શ્રી દંડક પ્રકરણ

-શ્રી જિનહંસમુનિ

## (૧) શરીર અને (૨) અવગાહના દ્વાર

**चउ गब्भ तिरिय वाउसु, मणुआणं पंच सेस तिसरीरा ।**
**थावर चउगे दुहओ, अंगुल असंखभाग तणुं ।। ५।।**

ગર્ભજ તિર્યંચ અને વાયુકાયને વિષે ચાર શરીર હોય છે, મનુષ્યને પાંચ શરીર અને બાકીના (૨૧-દંડક) ને ત્રણ શરીર હોય છે.

ચાર સ્થાવરને (વનસ્પતિકાય વિના) બન્ને પ્રકારે અંગુલના અસંખ્યાતમાં ભાગનું શરીર હોય છે.

પ્રથમ શરીર દ્વારમાં ક્યા દંડકમાં કેટલા શરીર હોય તેની વિગત જણાવે છે.

ગર્ભજ તિર્યંચ અને વાયુકાયને વિષે ૪ શરીર એટલે ઔદારીક, વૈક્રિય, તેજસ અને કાર્મણ એમ આહારક વિના ચાર શરીર હોય છે.

મનુષ્યને બધાજ પાંચે શરીર હોય છે.

બાકી રહેલા એકવીસ દંડકને વિષે ત્રણ એટલે ઔદારિક અથવા વૈક્રિય અને તેજસ અને કાર્મણ શરીર હોય છે.

દેવતાના (૧૩) તેર અને નારકીનો (૧) એક આ ચૌદ દંડકમાં વૈક્રિય, તેજસ અને કાર્મણ આ ત્રણ શરીર હોય છે. જ્યારે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વનસ્પતિકાય, તથા બેઈન્દ્રિય તેઇન્દ્રિય, ચઉરીન્દ્રિય આ સાત (૭) ને ઔદારિક તેજસ અને કાર્મણ આ ત્રણ શરીર હોય છે.

અડધી ગાથામાં શરીર દ્વાર સમજાવીને નીચેની અડધી ગાથામાં અવગાહના દ્વારનો પ્રારંભ કર્યો છે.

પ્રથમ સ્થાવરની અવગાહના જણાવતા કહે છે કે એક વનસ્પતિકાયને છોડીને સર્વ પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વાયુકાયના શરીરની અવગાહના (ઉંચાઇ) બન્ને પ્રકારે એટલે જઘન્ય અને ઉત્કૃષ્ટથી અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી છે.

## ૨૪ દંડકોમાં શરીર

| ૩. શરીર વૈક્રિય, તેજસ, કાર્મણ | ૩. શરીર ઔદારિક, તૈજસ, કાર્મણ | ૪ શરીર ઔદારિક, વૈક્રિય, તેજસ, કાર્મણ | ૫ શરીર ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ |
|---|---|---|---|
| ૧. નારક<br>૧૦ અસુર<br>૧ વ્યંતર<br>૧ જ્યોતિષ્ક<br>૧ વૈમાનિક | ૧ પૃથ્વીકાય<br>૧ અપકાય<br>૧ તેઉકાય<br>૧ વનસ્પતિકાય<br>૩ વિકલેન્દ્રિય. બે. તે. ચઉ. | ૧ વાયુકાય<br>૧ ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ | ૧ ગર્ભજ મનુષ્ય |
| કુલ .... ૧૪ + | ૭ + | ૨ + | ૧ = ૨૪ દંડક |

## (૨) અવગાહના દ્વાર... (ચાલુ)

**सव्वेसिंपि जहन्ना, साहाविय अंगुलस्स असंखसो ।**
**उक्कोस पणसय धणु, नेरइया सत्त हत्थ सुरा ।। ६ ।।**

(બાકીના ૨૦ દંડક) સર્વને પણ જઘન્યથી સ્વાભાવિક શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે. ઉત્કૃષ્ટથી પાંચસો ધનુષ્ય શરીરવાળા નારકીઓ હોય છે. અને દેવતાનું ઉત્કૃષ્ટથી સાત હાથ શરીર હોય છે.

અવગાહના દ્વારને આગળ વધારતાં કહે છે કે બીજા પણ વીસ દંડકને વિષે જઘન્યથી શરીરની અવગાહના અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી હોય છે. એટલે ચોવીસે ચોવીસ દંડકમાં શરીરની જઘન્ય અવગાહનાં અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલી છે.

ઉત્કૃષ્ટ અવગાહના જણાવતાં નારીકના દંડકને વિષે ૫૦૦ ધનુષ્ય છે. જ્યારે દેવતાના તેર દંડકને વિષે ઉત્કૃષ્ટ અવગાહના સાત હાથની હોય છે.

## (૨) અવગાહના દ્વાર... (ચાલુ)

गब्भ तिरि सहस्स जोयण, वणस्सइ अहिय जोयण सहसं ।
नरतेइंदि ति गाउ, बेइंदिय जोयणे बार ।।७।।
जोयण -मेगं चउरिंदि, देह मुच्चत्तणं भणिअं ।
वेउव्विय देहं पुण, अंगुलसंखंस-मारंभे ।।८।।

ગર્ભજ તિર્યંચનું શરીર એક હજાર યોજન છે. પ્રત્યેક વનસ્પતિનું શરીર એક હજાર યોજનથી કાંઇક અધિક હોય છે. મનુષ્ય અને તેઇન્દ્રિયનું શરીર ત્રણ ગાઉનું હોય છે. બેઇન્દ્રિયનું શરીર બાર યોજન હોય છે.

એક યોજન ચઉરિન્દ્રિયના શરીરની ઉંચાઇ સૂત્રને વિષે કરી છે. વળી ઉત્તર વૈક્રિય શરીર આરંભતી વખતે અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય છે.

### અવગાહના (મૂળ શરીરની)

**જઘન્યથી ૨૪ દંડકને વિષે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે.**

**ઉત્કૃષ્ટ અવગાહના**

| સંખ્યા | દંડકનું નામ | અવગાહના |
|---|---|---|
| ૧ | નારકી | ૫૦૦ ધનુષ્ય |
| ૧૩ | દેવ | ૭ હાથ |
| ૧ | ગર્ભજ તિર્યંચ | ૧૦૦૦ યોજન |
| ૧ | ગર્ભજ મનુષ્ય | ત્રણ ગાઉ |
| ૪ | પૃથ્વીકાય-અપકાય-તેઉકાય અને વાયુકાય | અંગુલનો અસંખ્યાતમો ભાગ |
| ૧ | વનસ્પતિકાય | ૧૦૦૦ યોજનથી કાંઇક અધિક |
| ૧ | બેઇન્દ્રિય | ૧૨ યોજન |
| ૧ | તેઇન્દ્રિય | ૩ ગાઉ |
| ૧ | ચઉરિન્દ્રિય | ૧ યોજન |
| ૨૪ | | |

# ઉત્તર વૈક્રિય શરીરની અવગાહના

देव नर अहिय लक्खं, तिरियाणं नव य जोयण सयाइं ।
दुगुणं तु नारयाणं, भणियं वेउव्विय सरीरं ।।९।।

દેવતાઓનું લાખ યોજન, મનુષ્યોનું તેથી અધિક, તિર્યંચોનું નવસો યોજન, તથા નારકીઓનું બમણું વૈક્રિય શરીર કહ્યું છે.

દેવતાઓના ૧ ૩ દંડકમાં ઉત્તર વૈક્રિય શરીર લાખ યોજનનું હોય છે.

મનુષ્યના ૧ દંડકમાં ઉત્તર વૈક્રિય શરીર લાખ યોજનથી ચાર આંગળ અધિક હોય છે કારણ દેવો જમીનથી ૪ આંગળ અદ્ધર હોય છે.

તિર્યંચના ૧ દંડકમાં ઉત્તર વૈક્રિય શરીર ૯૦૦ યોજનનું હોય છે.

નારકના ૧ દંડકમાં ઉત્તર વૈક્રિય શરીર (બમણું એટલે) ૧૦૦૦ ધનુષ્ય હોય છે.

વાયુકાયના ૧ દંડકમાં ઉત્તર વૈક્રિય શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલું હોય છે.

કુલ દંડક - ૧૭

બાકી બચેલા ૭ દંડકમાં (૧. પૃથ્વીકાય, ૨ અપ્કાય, ૩ તેઉકાય, ૪. વનસ્પતિકાય, ૫. બેઈન્દ્રિય, ૬. તેઈન્દ્રિય, અને ૭. ચઉરેન્દ્રિય) વૈક્રિય શરીર હોતું જ નથી.

આહારક શરીરની અવગાહના મૂઠી વાળેલા એક હાથ જેટલી છે.

તૈજસ-કાર્મણ શરીર સર્વ આત્મપ્રદેશમાં વ્યાપ્ત હોવાથી જીવના શરીર જેટલી અવગાહના હોય છે.

# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

## (૩) મિશ્ર ગુણસ્થાન

બીજા સાસ્વાદન ગુણસ્થાન પછી આવે છે ત્રીજું મિશ્ર ગુણસ્થાન

**मिश्रकर्मोदया ज्जीवे सम्यग्मिथ्यात्वमिश्रितः ।**
**यो भावोंत्तर्मुहूर्त्स्यात्तन्मिश्रस्थान मुच्यतेः ।।१३।।**

જીવને વિષે મિશ્રમોહનીય કર્મના ઉદયથી સમ્યક્ત્વ અને મિથ્યાત્વના મિલનથી જે ભાવ ઉત્પન્ન થાય છે અને અંતર્મુહૂર્ત સુધી રહે છે એને મિશ્ર ગુણસ્થાન કહે છે.

જે જીવ સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વના એક ભાવમાં પ્રવર્તે છે તેને સમ્યક્ત્વ અથવા મિથ્યાત્વ હોય પણ જે જીવ ઉભય ભાવમાં હોય એને જાત્યંતર ત્રીજો ભાવ-મિશ્રભાવ હોય છે.

ઉદયભાવ કેવો હોય તે દૃષ્ટાંતથી જણાવે છે-

**जात्यन्तर समुद्मूति र्वडवा खरयो र्यथा ।**
**गुड दध्नोः समायोगे रासभेदान्तरं यथा ।।१४।।**
**तथा धर्मद्वयेश्रद्धा जायते समबुद्धितः ।**
**मिश्रोऽ सौ भण्यते तस्माद्मावो जात्यन्तरात्मकः ।।१५।।**

જેવી રીતે ઘોડા અને ગધેડાના સંયોગથી જે ઉત્પન્ન થાય તે ઘોડો નથી કહેવાતો તેમ જ ગધેડો પણ નથી કહેવાતો પરંતુ એ ત્રીજી જાતિ ખચ્ચર કહેવાય છે.

એવી જ રીતે ગોળ અને દહીંનો સંયોગ થવાથી જે ઉત્પન્ન થાય છે એમાં ન તો ગોળનો સ્વાદ હોય છે ન તો દહીંનો સ્વાદ હોય છે એમાં ત્રીજો જ રસ નિર્માણ થાય છે જે શિખરણ કહેવાય છે.

આ બન્ને દૃષ્ટાંતની જેમ જે જીવની શ્રદ્ધા સર્વજ્ઞ અને અસર્વજ્ઞ પ્રણીત ધર્મને વિષે સમાન બુદ્ધિ વાળી હોય છે તેને જાત્યાંતર રૂપે મિશ્ર ગુણસ્થાન કહે છે. આ ગુણસ્થાનની સ્થિતિ અંતર્મુહૂર્તની હોય છે. મિશ્ર ગુણસ્થાને રહેલો જીવ બીજા ભવનું આયુષ્ય ન બાંધે અને મરે પણ નહીં. સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાત્વી બનીને મરે છે.

આ ગુણસ્થાનમાં ૭૪ પ્રકૃતિઓનો બંધ, હોય છે. ઉદય અને ઊદીરણા ૧૦૦ પ્રકૃતિની છે. સત્તામાં ૧૪૭ પ્રકૃતિઓ હોય છે.

## મિશ્ર ગુણસ્થાનની વિશેષતા

आयुर्बध्नाति नो जीवो मिश्रस्थो म्रियते न वा ।
सद्दृष्टिर्वा कुदृष्टिर्वा, भूत्वा मरणमश्नु ते ।। १६ ।।

મિશ્ર ગુણસ્થાનમાં રહેલો જીવ આયુષ્ય બાંધતો નથી અને મૃત્યુ પણ પામતો નથી. મૃત્યુ પામતાં પહેલાં એ અવશ્ય ચોથા સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાને અથવા પહેલા મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાને જાય છે. ત્યાં જઇને મરણ પામે. કોઇ પણ જીવ મિશ્ર ગુણસ્થાને મરણ ન પામે.

ચૌદ ગુણસ્થાનોમાંથી મિશ્રગુણસ્થાન, ક્ષીણમોહ ગુણસ્થાન અને સયોગી ગુણસ્થાન એ ત્રણ ગુણસ્થાનમાં જીવ મરણ પામતો નથી. બાકીના અગિયાર ગુણસ્થાનમાં જીવ મરણ પામે છે.

અવિરતિ ગુણસ્થાન, મિથ્યાત્વ ગુણસ્થાન અને સાસ્વાદન ગુણસ્થાન એ ત્રણ ગુણસ્થાનો પરભવમાં જીવની સાથે જાય છે બાકીના આઠ ગુણસ્થાન (સર્વ મળીને અગિયાર ગુણસ્થાન) પરભવમાં સાથે જતાં નથી.

## પૂર્વ બદ્ધાયુ મિશ્રગુણસ્થાનસ્થ જીવનું મરણ અને ગતિ.

सम्यग्मिथ्यात्वयोर्मध्ये, ह्यायुर्येनार्जितं पुरा ।
म्रियते तेन भावेन, गतिं याति तदाश्रितताम् ।।१७।।

મિશ્ર ગુણસ્થાનની પ્રાપ્તિ પહેલાં જીવ કાંતો મિથ્યાત્વ ગુણસ્થાને હોય છે અથવા અવિરતિ ગુણસ્થાને હોય છે. ત્યાં આયુષ્ય કર્મ બાંધ્યું હોય અને ત્યાર પછી એ જીવ મિશ્ર ગુણસ્થાને આવ્યો હોય તો મિશ્ર ભાવને અનુભવીને જે ભાવે આયુષ્ય બાંધ્યું હોય તે ભાવ સહિત જીવ મરણ પામે છે અને તે ભાવ અનુસાર સદ્ગતિ અથવા દુર્ગતિમાં જાય છે.

## (૪) અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન

यायथोक्तेषु च तत्वेषु रुचिर्जीवस्य जायते ।
निसर्गादुपदेशाद्वा सम्यक्त्वं हितदुच्यते ।।१८

જે સંજ્ઞી પંચેન્દ્રિય ભવ્ય જીવની જિન પ્રણીત તત્વને વિષે, એટલે જીવાદિ પદાર્થોને વિષે સ્વભાવથી અથવા ગુરુ ઉપદેશથી જે શ્રદ્ધા હોય છે તે સમ્યક્ત્વ કહેવાય છે.

### સમ્યક્ત્વ બે પ્રકારે–

(૧) **નિસર્ગ સમ્યક્ત્વ -**

સંજ્ઞી પંચેન્દ્રિય ભવ્ય પ્રાણીને પૂર્વભવના અભ્યાસ વિશેષથી અતિ નિર્મળ ગુણયુક્ત આત્મભાવ ઉત્પન્ન થવાથી જીવાદિ નવતત્વમાં શ્રદ્ધા થાય તે **નિસર્ગ સમ્યક્ત્વ** છે.

(૨) **અધિગમ સમ્યક્ત્વ-**

સદ્ગુરુના ઉપદેશથી... શાસ્ત્રોના શ્રવણથી જીવ -અજીવાદિ નવતત્વમાં શ્રદ્ધા થાય છે તે **અધિગમ**

**સમ્યક્ત્વ** છે.

द्वितीयानां कषायाणा-मुदयाद्व्रतवर्जितम् ।
सम्यक्तं केवलं यत्र, तच्चतुर्थं गुणास्पदम् ।।१९।।

બીજા અપ્રત્યાખ્યાની કષાયોના ઉદયથી જીવ વ્રત-પચ્ચક્ખાણ રહિત હોય છે, ત્યાં ફક્ત સમ્યક્ત્વ જ હોય છે. તે ચોથું ગુણસ્થાન કહેવાય છે.

આ જીવો અવિરતિને ખરાબ જાણે છે... વિરતિની અતિશય ઇચ્છા ધરાવે છે. પરંતુ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી વ્રત-પચ્ચક્ખાણ સ્વીકાર કરી શકતા નથી.

## ચોથા ગુણસ્થાનની સ્થિતિ –

उत्कृष्टा ऽ स्य त्रयास्त्रिंशत्सागरा साधिका स्थितिः ।।
तदर्धपुद्गलावर्त्त भवैर्भव्यैरवाप्य ते ।।२०।।

ચોથા ગુણસ્થાનની સ્થિતિ સાધિક તેત્રીસ સાગરોપમ કહી, તે સર્વાર્થસિદ્ધ આદિ પાંચ અનુત્તર વિમાનગત દેવોના આયુષ્યરૂપ જાણવી અને મનુષ્યભવની અધિકતા જાણવી.

આ સ્થિતિ સમ્યક્ત્વની નહિ પણ સમ્યક્ત્વ ગુણસ્થાનની છે કારણ કે સમ્યક્ત્વની સ્થિતિ સાધિક છાંસઠ સાગરોપમ છે.

ભવ્ય જીવ અર્ધપુદ્ગલ પરાવર્ત સંસાર બાકી રહે ત્યારે આ સમ્યક્ત્વ પામે છે.

અભવ્ય જીવોને આ સમ્યક્ત્વ પ્રાપ્ત થતું નથી.

## સમ્યગ્દષ્ટિનાં લક્ષણ

कृपाप्रशमसंवेग-निर्वेदास्तिक्य लक्षणाः ।
गुणा भवान्ति यश्चिते, स स्यात्सम्यक्त्वभूषितः ।।२१।।

જેના ચિત્તમાં દયા (કૃપા), શાંતતા (પ્રશમ), સંવેગ, નિર્વેદ અને આસ્તિક્ય આ પાંચ ગુણો છે તે સમ્યક્ત્વથી અલંકૃત છે.

(૧) **કૃપા-** (દયા) દુઃખી જીવોના દુઃખ દૂર કરવાની ચિન્તા તે દયા (અનુકંપા)

(૨) **પ્રશમ-** ક્રોધાદિનાં કારણ ઉત્પન્ન થવા છતાં તીવ્ર ક્રોધનો અભાવ, તે ઉપશમ.

(૩) **સંવેગ -** સિદ્ધિરૂપી મહેલમાં જવા માટે પગથિયા સમાન સમ્યગ્જ્ઞાન દર્શનાદિ માર્ગમાં ઉત્સાહરૂપ મોક્ષનો અભિલાષ, તે સંવેગ.

(૪) **નિર્વેદ -** અત્યંત બિભત્સ અને કુત્સિત આ સંસારરૂપ બંદીખાનામાંથી નીકળવાની ચાહનારૂપ જે ખેદ, નિર્વેદ.

(૫) **આસ્તિક્ય-** સર્વજ્ઞ ભાષિત સર્વ ભાવો નિશ્ચય ''જેમ કહ્યા છે તેમજ છે.'' એ રીતે સર્વજ્ઞોક્ત ભાવોનું અસ્તિત્વ વિચારવું , તે આસ્તિક્ય.

અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયથી જે દેશવિરતિ કે સર્વવિરતિ રુપ નથી, વિરતિ માટે ઉત્સાહ નથી.

અવિરતિ સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનની સ્થિતિ તેત્રિસ સાગરોપમથી કાંઇક અધિક છે.

આપણે અનાદિ કાળથી ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં ભટકી રહ્યા છીએ. આપણો નિસ્તાર ન થયો. આપણે સંસાર સાગરને પાર ન કરી શક્યા.

''શું હશે એનું કારણ ?''

જ્ઞાની ભગવંતો કહે છે કે મિથ્યાત્વ જીવ ને શિવ ન બનવા દે. પહેલા ગુણસ્થાનથી આગળ જ ન વધવા દે. સમ્યક્ત્વને આવવા ન દે.

તો પછી પ્રશ્ન થાય કે મિથ્યાત્વ જાય કેમ ? અને સમ્યગ્દર્શન મળે કેમ ?

કર્મ સિદ્ધાંત મિથ્યાત્વમાંથી સમ્યગ્દર્શન પામવાનો વ્યવસ્થિત માર્ગ જણાવે છે. આ સંપૂર્ણ માર્ગ સમજવા જેવો છે.

અનંત પુદ્ગલ પરાવર્તન કાળથી આ જીવ મિથ્યાત્વના કારણે સંસારમાં ભટકી રહ્યો છે. દરેક મિથ્યાત્વી જીવમાં કર્મજનિત તીવ્ર રાગ-દ્વેષના અતિ ગાઢ પરિણામ રૂપ કઠણ-વક્ર એવી દુઃખે કરી ભેદી શકાય પરંતુ જીવે પૂર્વે ક્યારેય ભેદી નથી એવી ગ્રંથિ-ગાંઠ છે.

ભવ્ય અને અભવ્ય જીવ આ ગ્રંથિ પાસે અનંતીવાર આવે છે. પરંતુ સર્વે અભવ્ય જીવો અને ઘણા ભવ્ય જીવો અહીંથી જ પાછાવળી જાય છે.

પ્રથમ તો જીવ કોઇ પણ પ્રયત્ન અથવા લક્ષ્ય વિના જ નદી ઘોલ ન્યાયથી આયુષ્ય કર્મ છોડીને સાતે કર્મની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમથી ઓછી કરે. નદી ઘોળ ન્યાય એટલે નદીમાં પડેલો પથ્થર અથડાતો-કુટાતો સ્વયંમેવ ગોળ થઇ જાય. કોઇ એને ગોળ ન કરે. તેવી રીતે કોઇ વિશેષ પ્રયત્ન વિના સંસારમાં અથડાતો કુટાતો અકામ નિર્જરાથી જીવ નિબીડ ગ્રંથિની પાસે આવે છે. આ યથાપ્રવૃત્તિ કરણ છે.


મિથ્યાત્વી જીવ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરતાં ત્રણ પ્રકારની ક્રિયા કરે છે જે કરણના નામે ઓળખાય છે. આ ત્રણ કરણના નામ નીચે મુજબ છે.- (૧) યથાપ્રવૃત્તિકરણ (૨) અપૂર્વકરણ અને (૩) અનિવૃત્તિકરણ.

જ્યાં સુધી તીવ્ર રાગ-દ્વેષની ગાંઠ-ગ્રંથી છે ત્યાં સુધી પ્રથમ યથાપ્રવૃત્તિકરણ છે.

આત્માના વિશુદ્ધ અધ્યવસાયના બળથી જીવ પૂર્વે કદી ન કરેલું ગ્રંથિ ભેદવાનું કાર્ય કરે તે અપૂર્વકરણ છે.

ગ્રંથિભેદ પછી તરત સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે જીવને અનિવૃત્તિકરણ હોય છે.

# સમ્યગ્દર્શન પ્રાપ્તિનો માર્ગ




અપૂર્વ કરણમાં ગ્રંથિભેદ થયા પછી અંતર્મુહૂર્ત પ્રમાણવાળું અનિવૃત્તિ કરણનો પ્રારંભ થાય છે. અનિવૃત્તિકરણની પૂર્ણાહુતિ થતાં જ ઉપશમ સમ્યક્ત્વની જીવને પ્રાપ્તિ થાય છે.

અનિવૃત્તિકરણ અંતર્મુહૂર્તની પ્રક્રિયા છે.


અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગો વ્યતીત થાય અને છેલ્લો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે જીવ અંતરકરણ કરે છે. અંતરકરણ એટલે મિથ્યાત્વના ઉદયમાં અંતર પાડવું-ગાબડું પાડવું. આ જીવને સતત મિથ્યાત્વ મોહનીય કર્મના પુદ્ગલો ઉદયમાં આવે છે તેમને ઉપશમાવવા અંતરકરણ કરવું આવશ્કય છે. અંતરકરણ કરવા મિથ્યાત્વના ત્રણ વિભાગ કરે છે-


(૧) અંતરકરણ પહેલાના મિથ્યાત્વના દળિયા- અને તેની સ્થિતિ.(ઉપરના)

(૨) અંતરકરણ કરતી વખતના દળિયા અને તેની સ્થિતિ (વચલા)

(૩) અંતરકરણ પછીના દળિયા અને તેની સ્થિતિ. (નીચેના /હેઠેના)

મિથ્યાત્વના જે દળિયા ઉદયમાં આવવાના છે એ દળિયાને જીવ ઉપરના દળિયામાં અથવા નીચેના દળિયામાં નાંખે છે તેથી વચ્ચે ખાલી જગા નિર્માણ થાય છે.



(૩) 

મિથ્યાત્વના દળિયા ઉપર-નીચેના દળિયામાં નાંખે છે.

(૪) 

**અંતરકરણ**


ઉપરની પહેલી સ્થિતિમાં રહેલા આત્માને મિથ્યાત્વ મોહનીયનો ઉદય ચાલુ હોય છે. પરંતુ આ સમયે આત્મા ઉપરના અને નીચેના દળિયાની ઉદિરણા કરતો જાય છે દળિયા ક્ષય કરતો જાય છે. ઉપરના દળિયાની ઉદિરણાને **ઉદિરણા** કહે છે જ્યારે નીચેના દળિયાની ઉદિરણાને **આગાલ** કહે છે ઉપરની સ્થિતિ ભોગવતાં જ્યારે અંતિમ બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ બંધ થાય છે અને છેલ્લી આવલિકાએ ઉદિરણા પણ બંધ થાય છે.

અંતિમ આવલિકામાં પણ જીવને મિથ્યાત્વ મોહનીયનો જ ઉદય ચાલુ હોય છે. પરંતુ આ સમયે અંતરકરણ કરવા એણે જે મિથ્યાત્વના દળિયા ઉપરની અને નીચેની સ્થિતિમાં નાખ્યા હતા અને ઉપશમાવ્યા હતા એ દળિયાના સત્તામાં જ ત્રણ પુંજ થાય છે-

(૧) શુદ્ધ પુંજ (૨) અર્ધ શુદ્ધ પુંજ અને (૩) અશુદ્ધ પુંજ

ઉપરના સ્થિતિની છેલ્લી ઉદયાવલિકા પૂર્ણ થતાં જ વચ્ચેના સાફ કરેલા-ગાબડું પાડેલા ભાગમાં ભોગવવા યોગ્ય મિથ્યાત્વના દળિયા નથી. મિથ્યાત્વના ઉદયમાં અંતર પડ્યું-ગાબડું પડ્યું તેથી હવે જીવને મિથ્યાત્વનો ઉદય નથી. આજ દિવસ સુધી મિથ્યાત્વ મોહનીયના ઉદયથી આત્માનો સમકિત ગુણ દબાયેલો હતો તે મિથ્યાત્વ મોહનીયના ઉદયની ગેરહાજરીમાં આત્માનો એ સમકિત ગુણ પ્રગટ થાય છે. આ અદ્ભૂત અવસ્થા એ આત્મ વિકાસની પ્રભાત છે. અહીં મિથ્યાત્વ મોહનીયનો ક્ષય નથી થયો પણ ઉપશમ થયો છે તેથી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

વચ્ચે જે ગાબડું પાડેલું છે તે અંતરકરણનો સમય અંતર્મુહૂર્તનો છે. એ પૂર્ણ થાય એટલે અંતરકરણથી પ્રાપ્ત થયેલ ઉપશમ સમ્યક્ત્વ પણ ટકે નહીં. ફરી નીચેની સ્થિતિના દલિકોનો ઉદય ચાલુ થઈ જ જાય. પરંતુ નીચેની સ્થિતિમાં હવે ફક્ત મિથ્યાત્વના દળિયા નથી. અહીં ત્રણ પુંજ થયેલા છે.



મિથ્યાત્વના ત્રણ વિભાગ થયેલા છે-

(૧) શુદ્ધ પુંજ છે તે સમ્યક્ત્વ મોહનીય છે.(૨) અર્ધ શુદ્ધ પુંજ છે તે મિશ્ર મોહનીય છે અને (૩) અશુદ્ધ પુંજ છે તે મિથ્યાત્વ મોહનીય છે.

અંતરકરણના અંતે જો શુદ્ધ પુંજ એટલે સમ્યક્ત્વ મોહનીય ઉદયમાં આવે તો **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** પ્રાપ્ત થાય છે.

અંતરકરણના અંતે જો અર્ધશુદ્ધ પુંજ એટલે મિશ્ર મોહનીય ઉદયમાં આવે તો **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** અથવા **મિથ્યાત્વ** પ્રાપ્ત થાય છે.

અંતરકરણના અંતે જો અશુદ્ધ પુંજ એટલે મિથ્યાત્વ મોહનીય ઉદયમાં આવે તો ઉપશમ સમ્યક્ત્વ પામીને વધુમાં વધુ છ આવલિકા સુધી સાસ્વાદને રહીને અંતે **મિથ્યાત્વ** ગુણસ્થાન પામે છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિ ઉપર ત્રણ મુસાફરોનું દૃષ્ટાંત કહે છે. ત્રણ મિત્રો પરદેશ જવા માટે નિકળ્યા... વાટે ચાલતાં ચાલતાં સાંજે એક જંગલમાં પહોંચ્યા. ત્યાં બે ચોર આવ્યા. ત્રણે મુસાફરોએ ચોરોને જોયા. આ ત્રણમાંથી એક મુસાફર ચોરોને જોતાંજ ભયભીત થયો અને ત્યાંથી પાછો ફરી ગયો.

બીજો મુસાફર એ ચોરો સાથે લડાઇ કરતો ત્યાંજ રહ્યો.

જ્યારે ત્રીજો મુસાફર ચોરોને જીતીને જ્યાં પહોંચવું હતું તે નગરીમાં પહોંચી ગયો.

દૃષ્ટાંતનો ઉપનય જણાવતાં કહે છે-

જંગલ સમાન સંસારનું પરિભ્રમણ છે... મુસાફરો તુલ્ય સંસારી જીવો જાણવા. જંગલમાંના ભયસ્થાન જેવી જે ગ્રંથી-ગાંઠ અને રાગ-દ્વેષ એ બે ચોર છે.

ત્રણ મુસાફરોમાંથી જે પાછો ફર્યો એના જેવું પ્રથમ યથાપ્રવૃત્તિ કરણ છે.

ત્યાંજ લડતો રહ્યો તે બીજા મુસાફર જેવું બીજું અપૂર્વકરણ છે.

ચોરોને જીતીને મંઝિલે પહોંચેલા ત્રીજા મુસાફર જેવું ત્રીજું અનિવૃત્તિ કરણ છે. જ્યાં જીવ સમકિત પામીને અંતે પોતાના મોક્ષરૂપી મંઝિલને પામે છે.

**क्षायोपशमिकी दृष्टि: स्यान्नरामरसंपदे ।**
**क्षायिकी तु भवे तत्र, त्रितुर्ये वा विमुक्तये ॥२२॥**

ક્ષાયોપશમિક સમકિતિ જીવ મનુષ્ય અથવા દેવ ગતિમાં જાય છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વની સ્થિતિ ૬૬ (છાસઠ) સાગરોપમની છે.

ક્ષાયિક સમકિતિ જીવ આયુષ્ય બંધ ન પડ્યો હોય તો એજ ભવે અથવા ત્રીજે-ચોથે ભવે મોક્ષમાં જાય છે.



# ગોચરી

એક શેઠ હતા... પોતાના માર્ગે જતાં એમની નજર બાજુના ખળામાં પડી ત્યાં કોઇ કણબી બળદોને ફેરવી જુવાર ધાન્યને કચરતો હતો... આ સમયે બળદો વારંવાર નીચે નમી નમીને તે જુવાર ધાન્યને ખાતા હતા.. તેથી તે કણબી બળદોને ખૂબ મારતો હતો... તે જોઇને શેઠને દયા આવી.. તેમણે કણબીને પાસે બોલાવીને કહ્યું '' આ બળદોને શા માટે મારે છે ? એમને તું માર નહિં પણ તેમના મોઢે સિક્કું બાંધી દે... તો તે ધાન્ય ખાશે નહિં... અને બરાબર ચાલશે.''

વણમાંગી શિખામણ આપીને શેઠ તો ચાલ્યા ગયા પરંતુ શેઠની શિખામણ સાંભળી કણબીએ તેનો અમલ કર્યો... પોતાનું કામ થઇ ગયા પછી પણ બાર પ્રહર સુધી બાંધેલા સિક્કાં છોડતાં તે કણબી ભૂલી ગયો... તેથી બળદોને તે બાર પહોર આહાર પાણીનો અંતરાય થયો. શેઠે અજ્ઞાનતાથી અંતરાય કર્મ ઉપાર્જન કર્યું...

કેટલાક ભવો પછી શેઠ જ્યારે તીર્થંકર આદિનાથના ભવમાં આવ્યા... દિક્ષા લીધી ત્યારે એ કર્મ ઉદયમાં આવ્યું... પ્રભુ જુદા જુદા નગરમાં ગામમાં... શેરીએ શેરીએ વિચરવા લાગ્યા પણ ભિક્ષાવિધીથી અજ્ઞાન પ્રજાજનો પ્રભુને શું આપવું તે જાણતા નથી... ભિક્ષા આપતા નથી... બાર પ્રહર સુધી બળદોને પડેલા અંતરાયથી બંધાયેલ કર્મ પ્રભુને બાર મહિનાથી વધારે સમય હેરાન કરે છે પણ પ્રભુ સમતાથી સહન કરીને એ કર્મને ક્ષય કરે છે... કર્મ ક્ષય થતાં જ શ્રેયાંસ કુમારના હાથે પ્રભુનું સુઝતા ઇક્ષુરસથી પારણું થાય છે...

નાની ભૂલની કેટલી મોટી સજા...!

આપણે તો જીવનમાં ન જાણે આવી કેટલીય ભૂલો કરતા હશું ?.. કેવી ભયાનક સજાઓ આપણને ભોગવવી પડશે ?...

એટલે જ પરમકૃપાળુ પરમાત્માએ એમના સાધુથી આવી કોઇ ભૂલ ન થઇ જાય... ક્યાંક કોઇ જબરજસ્ત અંતરાય કર્મ ન બંધાઇ જાય એટલા માટે જ અદ્ભૂત એવી ગોચરીની વિધિ બતાવી છે...

**નિજ હાથે બાર ઉંઘાડીને જી, પેસીએ નવિ ઘરમાંહી,**
**બાલ પશુ ભિક્ષુક પ્રમુખને સંઘટ્ટેજી, જઇએ નહિ ઘરમાંહી**

સાધુ ગોચરી વહોરવા જાય અને કોઇ શ્રાવકનું ઘર એમજ વાસેલું હોય તો પણ સાધુ પોતાની હાથે દરવાજો ખોલીને અંદર પ્રવેશ ન કરે... પોતાનું કાર્ય કરતા શ્રાવકોના જીવનમાં અચાનક અંતરાય ન પડે... રંગમાં ભંગ ન કરે... પણ અંદરથી દ્વાર ખોલીને પધારો કહેવામાં આવે ત્યારે જ ઘરમાં પ્રવેશે...

તેમજ જે શ્રાવકના દ્વાર પર કાંઇક મેળવવાની આશાથી અન્ય ધર્મનો સાધુ... અથવા ભિક્ષુક (ભિખારી).. નાનું બાળક તથા પશુ (ગાય, કુતરો વગેરે) આદિ ઉભા હોય તો જૈન સાધુ એ શ્રાવકના ઘરમાં ગોચરી માટે ન જાય જો સાધુ એ શ્રાવકના ઘરમાં જાય તો બધા સાધુને દાન દેવામાં લાગી જાય બહાર ઉભેલા યાચક નિરાશ થાય... એમજ પાછા વળી જાય તો એમના અંતરાય કર્મમાં સાધુ નિમિત્ત બને... પણ જો જાણકાર શ્રાવક પ્રથમ દ્વારે ઉભેલા યાચક એવં પશુ આદિને યોગ્ય દાન આપી ખુશ કરી પછી સાધુને પધારવા વિનંતી કરે તો સાધુથી ઘરમાં જઇને ગોચરી વહોરવામાં દોષ લાગતો નથી...

તેમજ જૈન સાધુનો આચાર છે કે પોતે કોઇ શ્રાવકને ત્યાં વહોરવા જાય ત્યાં પ્રથમથી કોઇ અન્ય જૈન સાધુ આહાર-પાણી વહોરતા હોય તો પણ તે અંદર પ્રવેશ ન કરે પણ બહાર ઉભા રહે.સાધુ ભગવંત યોગ્ય આહાર પાણી વહોરીને બહાર આવે પછી જ શ્રાવકના ઘરમાં પ્રવેશ કરે. આ સામાન્ય નિયમ પાછળ પણ આહાર પાણીમાં કોઇને અંતરાયભૂત ન થવાની જ ભાવના રહેલી છે.

કર્મ બાંધતી વખતે જો યથાયોગ્ય સાવધાની રાખવામાં આવે તો એના કટુ વિપાકમાંથી જીવ બચી શકે છે.. બસ ! ધર્મનું કામકાજ જીવને કર્મ બાંધતા અટકાવવાનું છે આપણી જીવન પદ્ધતિ જો પરમાત્માએ બતાવ્યા પ્રમાણે થઇ જાય તો ઘણા બધા કર્મોથી આપણો આત્મા બચી જાય... ચાલો પ્રભુએ ચિંધેલા માર્ગે ચાલવા પ્રયાસ કરીએ.

મધ્યાહ્નનો સૂર્ય પૂર્ણ તાપથી તપી રહ્યો હતો... ગરમીનું પ્રમાણ વધતું હતું... ત્યાં રાજમાર્ગે મુનિરાજ એક ઘરેથી બીજા ઘરે ભિક્ષા માટે ફરી રહ્યા હતા... ફરતાં ફરતાં ધર્મઘોષમુનિ ધર્મલાભ કહેતાં અભયસેન રાજાના વરદત્ત મંત્રીશ્વરના ઘરે પધાર્યા... ઘરના સભ્યો હર્ષિત થયા.. હાથ જોડીને પધારવા વિનંતી કરી... મુનિરાજે ઘરમાં પ્રવેશ કર્યો... મુનિરાજે પોતાનું પાત્ર ધર્યું અને ઘી સાકર નાખીને બનાવેલી ખીર ભાવથી વહોરાવવા બેન આગળ વધ્યા... પણ અચાનક ખીર વહોરાવવા જતાં ખીરનો એક બિંદુ નીચે પડ્યો... મુનિરાજ કાંઇ પણ લીધા વગર વહોર્યા વગર ઘરમાંથી નિકળી ગયા...

આ દૃશ્ય જોઇ રહેલા મંત્રીશ્વર વિચારમાં પડ્યા... એક બિંદુ નીચે પડ્યું એમાં શું થયું ? મુનિરાજ આટલી નાની સરખી વાતમાં પાછા કેમ વળી ગયા ?... મુનિરાજે આમ નહોતું કરવું જઇતું... આવી વિચારધારા ચાલે છે ત્યાં કોલાહલ સંભળાયો મંત્રીશ્વરે એ તરફ નજર કરી તો એ આશ્ચર્યમુગ્ધ બની ગયા... મુનિરાજ ભિક્ષા લીધા વગર કેમ ગયા ? એનું રહસ્ય ખુલું થઇ ગયું... પરમાત્મ શાસનની સૂક્ષ્મતા... ગહનતા... અને દિર્ઘ દૃષ્ટી એમને સ્પર્શી ગઇ... એમનું મસ્તક ભાવથી પરમાત્માનાં... મુનિરાજના ચરણે ઝુકી ગયું... આવો આપણે એ રહસ્યને જાણવા ઉદ્યમશીલ બનીએ...

મંત્રીશ્વરે નજર કરી તો એમને જણાયું કે ખીરના પડેલા બિંદુ ઉપર માખી બેઠી હતી... માખીને પકડવા ભીંત ઘરોળી આવી, ઘરોળીને કોળીયો કરી જવા સરડો તૈયાર હતો... સરડાને પકડવા બિલાડી દોડતી આવી... બિલાડી ઉપર બહારથી આવેલું મહેમાનનું કુતરૂં દોડ્યું... બહારના કુતરા ઉપર ત્યાં

વસતા કુતરાઓ તુટી પડ્યા... કુતરાઓને આપસમાં લડતાં જોઇ એમના સ્વામીઓ દોડતા આવ્યા અને તેઓ એક બીજા સાથે ઝગડવા લાગ્યા... ખીરના એક બિંદુએ ઉભું કરેલું સ્વરૂપ જોઇને મંત્રીશ્વર વિચારવા લાગ્યા... નાની દેખાતી વાત ક્યારેક કેટલી ભયાનક બની જાય છે... જો મુનિરાજ ખીરનું બિંદુ નીચે પડ્યા પછી પણ ગોચરી વહોરે તો આવા પરિણામમાં નિમિત્ત બની જાય અને ન વહોરે તો આવા નિમિત્તથી... અને નિમિત્તના કારણે બંધાતા પાપથી બચી જાય...

એથી જ સાધુને ગોચરી વહોરાવતા શ્રાવક જાગ્રત હોય... કોઇ પણ વસ્તુ નીચે ન ઢોળાય એનો ખ્યાલ રાખવો જોઇએ... એમાં પણ ખાસ કરીને ઘી... તેલ... દહિં... અને દૂધનો છાંટો જો નીચે જમીન ઉપર પડી જાય તો (પાટલા કે થાળી ઉપર પડે તો જયણા) સાધુને એ ઘરથી કાંઇ પણ વહોરવું ન કલ્પે

એટલે જ સાધુ-સાધ્વીજી ભગવંત વહોરવા આવે તો એમને પાત્ર રાખવા પાટલો અથવા થાળી રાખવામાં આવે છે. પાટલો કે થાળી રાખવાથી બીજા અનેક લાભ થાય છે. સાધુના પાત્રનું બહુમાન સચવાય છે.... કોઇ ગરમ વસ્તુ વહોરી હોય તો તેનાથી જમીન પરના કોઇ સુક્ષ્મ જીવને કિલામણ થતાં અટકી જાય છે. વિધિ સચવાય છે અને સાધુ તથા શ્રાવક બીજા પણ કેટલાક દોષોથી બચી જાય છે.

ઘી, તેલ, દહિં, દૂધ સિવાય પણ બીજો આહાર વહોરાવતા પણ ખ્યાલ રાખવો જોઇએ કે અનાજના કણ નીચે ન ઢોળાય.. ન વેરાય. આ ઢોળાયેલા અનાજ ઉપર કિડીઓ વગેરે આવે અને યોગ્ય ઉપયોગ ન હોય તો એમની પણ વિરાધના થવાનો સંભવ હોય છે...

જયણા જાળવવામાં પરમાત્માના શાસનમાં બતાવેલ આહાર વિધિ સહાયક બને છે. જો શ્રાવક જયણાનો જાણકાર ન હોય અને સાધુ પરમાત્માએ બતાવેલ વિધિ ન જાળવે તો સાધુ-જીવ-વિરાધનામાં નિમિત્ત બનીને દોષિત થાય છે... સાધુ અને શ્રાવક એ બન્નેના જીવનને દોષ રહિત શુદ્ધ રાખવા આપણે ગોચરી વિધીના જાણકાર બનીને દોષ ટાળવા પ્રયત્નશીલ બનીએ... એજ કલ્યાણનો પંથ છે...

**જલ, ફલ' જલણ, કણ લૂણશું જી ભેટતાં જે દિયે દાન,**
**તે કલ્પે નહિ સાધુનેજી, વર્જવું અન્ન ને પાન...**

ગોચરી નીકળેલો સાધુ અત્યંત સાવધાન હોય... એની ચકોર નજર ચારે બાજુ કોણ શું કરે છે એની નોંધ લે છે... આવું શા માટે ? સ્વાભાવિક પ્રશ્ન મનમાં ઉઠે... પણ એનો જવાબ સહજ છે. શાસ્ત્રકારોએ સાધુને છ કાયના જીવોના માવતર કહ્યા છે. છ કાયના જીવોના પિયરની ઉપમા આપી છે... આ છ કાયના જીવો એટલે- (૧) પૃથ્વીકાય. (૨) અપકાય. (૩) તેઉકાય. (૪) વાયુકાય (૫) વનસ્પતિકાય અને (૬) ત્રસકાય.

આ છ કાયના જીવોના જે માવતર બન્યા હોય એમણે આ જીવોની કેટલી કાળજી રાખવી પડે? આ જીવોને બચાવવા સમય આવે પ્રાણોની બાજી પણ લગાડવી પડે... તોજ એની સાધુતા શોભી ઉઠે...

માસક્ષમણના પારણે આહાર લેવા નિકળેલા મુનિરાજના પાત્રમાં કડવા તુંબડાનું શાક આવી ગયું...

ગુરુ ભગવંતે આ શાક ખાવા માટે અયોગ્ય જાણી મુનિરાજને વિધિપૂર્વક પરઠવા જંગલમાં મોકલ્યા... પણ શાકના રસના એક ટીપા ઉપર અનેક કિડીઓ આવીને તરફડવા લાગી... મુનિનો આત્મા ધ્રુજી ઉઠ્યો... આ બધું શાક પરઠવાથી કેટલીય કીડીઓ હેરાન થશે... કદાચ મરી જશે... મુનિ વિચારે ચડ્યા... ના... ના... આટલા જીવોને કિલામણા થાય એવું કામ મારાથી કેમ થાય. ના... ના... હું મરીને પણ એમને જીવાડીશ. શું માતા પોતાના બાળક માટે ત્યાગ નથી કરતી... બલીદાન નથી દેતી, હું એમજ કરીશ.

**ધર્મઘોષ તણા શિષ્ય, ધર્મરુચિ અણગાર; કીડીઓની કરુણા, આણી દયા રસાલ.**
**કડવા તુંબાનો, કીધો સઘલો આહાર, સર્વાર્થસિદ્ધે પહોતા, ચવિ લેશે ભવપાર.**

બસ ! આવી ઉત્કૃષ્ટ ભાવના ભાવી... પાત્ર ઉપાડી મોઢે લગાડ્યું... બધા જીવોને ખમાવી... ચાર શરણનો સ્વીકાર કરી... પંચપરમેષ્ઠિના ધ્યાનમાં લીન બન્યા... આયુષ્ય પૂર્ણ થતાં સર્વાર્થસિદ્ધ દેવલોકમાં ગયા... ત્યાંથી માનવભવ પામી.. સાધના કરી સિદ્ધિને વરશે...

આવા સાધુઓ છ કાયના જીવોને જરાપણ તકલીફ ન થાય માટે સાવધાન હોય... ગોચરી વહોરવા જાય ત્યાં કોઈપણ વસ્તુ કાચા પાણી સાથે... અગ્નિ સાથે... ફળાદિ વનસ્પતિ સાથે અથવા કાચા લુણ (નમક-મિઠું) સાથે સ્પર્શેલી હોય તો તે સાધુથી લેવાય નહિં... સાધુને માટે એ ત્યાજ્ય બની જાય... તેમજ ગોચરી વહોરાવનાર પણ જો આમાંથી કોઇ વસ્તુને સ્પર્શેલો હોય તો પણ એના હાથથી આહાર-પાણી લેવું સાધુને કલ્પે નહીં...

દા. ત. તમારા ઘરની બધી રસોઇ તૈયાર છે... લાકડાના ડાઇનીંગ ટેબલ પર ગોઠવેલી છે... અને એજ ટેબલ ઉપર કાચું પાણી હોય. કાચા લુણની (મીઠાની) ડબી હોય... લીંબુ કે અન્ય વનસ્પતિ હોય તો સાધુથી એ ડાઇનીંગ ટેબલ ઉપરની કોઇ પણ વસ્તુ લેવાય નહિં... લેવી એને કલ્પે નહિં... કારણ લાકડાના ટેબલ ઉપરથી એક વસ્તુ લેતાં જરાક પણ અવાજ થતાં કે ધક્કો લાગતાં એના તરંગ સચિત્ત વસ્તુ સુધી પહોંચે છે એમાં ભયની લાગણી નિર્માણ થાય છે. તેમજ એમને સ્પર્શ થતાં ઘણી કિલામણા થાય છે. એ જીવોની કિલામણા અને ભયની લાગણી તેમજ હિંસા આદિમાં નિમિત્તભૂત ન બનવા માટે સાધુને આ વસ્તુ લેવી કલ્પે નહિ.

આજ કારણથી શાક સમારતી બેન... અનાજ વિણતી બેન... ચુલા-સગડી સાથે કામ કરતા બેનના હાથે આહાર-પાણી લેવા સાધુને કલ્પે નહિં...

સાધુએ ધર્મલાભ આપતાં સાધુના નિમિત્તથી લાઇટ ચાલુ કરે... બંધ કરે... તેમજ ટી.વ્હી., વ્હી.ડી.ઓ., પંખો વગેરે પણ ચાલુ અથવા બંધ કરે તો પણ સાધુથી એ ઘરમાં આહાર પાણી લેવાય નહીં, સાધુ ત્યાંથી પાછો વળી જાય એટલે સાધુ ભગવંત પધારે ત્યારે લાઇટ-પંખો ટીવી. વગેરે ચાલુ હોય તો ચાલુ રાખવા... બંધ હોય તો બંધ રાખવા પણ સાધુના આવ્યા પછી ચાલુ કે બંધ ન કરવા જોઇએ.